Ph. : 0281-2587144 ccdcsauuni@yahoo.co.in

**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**

CCDC

Ground Floor, CCDC Building, Academic Centre, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005

Re-Accredited
Grade **A** by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.: ----
Date: 20-12-2018

# પ્રેસનોટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) દ્વારા તા. ૨૬–૧૨–૨૦૧૮ થી ઓફિસ આસીસ્ટન્ટ વર્ગ–૩ તથા મહેસૂલી તલાટી–કમ–મંત્રીના વર્ગોની નવી કમ્બાઈન્ડ બેચનું આયોજન.....

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીસીડીસીનાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં છાત્રોને 'સરકારી નોકરી' મેળવવા માટેનું સ્વપ્ન સચોટ તાલીમ અને નિષ્ણાંતો મારફત સ્માર્ટ ટીપ્સ મારફત સાકાર થઈ રહ્યું છે. તાજેતરમાં જ જીપીએસસી વર્ગ ૧–૨, ટાટ, ગુજરાત હાઈકોર્ટ, જીસ્લેટ, નેટ વગેરે પરીક્ષામાં સીસીડીસીનાં વિદ્યાર્થીઓએ વિક્રમજનક સફળતા મેળવેલ છે. સરકારી નોકરી મેળવવા મટો જુદી–જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં છાત્રોને દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, જ્ઞાનનાં સાગર રૂપી લાયબ્રેરી, પરીક્ષાલક્ષી ટીપ્સ મારફત તૈયારી કરવામાં આછવે છે અને યુનિવર્સિટીનાં કુલપતિશ્રી અને કુલસચિવશ્રીનાં સફળ માર્ગદર્શન અંતર્ગ 'ટીમ સીસીડીસી' મારફત રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રી મારફતની અનેક પરીક્ષાઓમાં છાત્રોએ ઝળહળતી સફળતા મેળવેલ છે. તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલય વિભાગો માટે ઓફિસ આસીસ્ટન્ટ વર્ગ–૩ અને પંચાયત વિભાગ દ્વારા વિવિધ જિલ્લાઓમાં મહેસૂલી તલાટી–કમ–મંત્રીની જગ્યાઓની જાહેરાતને અનુલક્ષી જાન્યુઆરી–ફેબ્રુઆરી માસમાં યોજાનાર પરીક્ષા સંદર્ભે તાલીમ આપવાનું આયોજન તા. ૨૬–૧૨–૨૦૧૮ થી સીસીડીસી ખાતે કરાયેલ છે .

આ તાલીમ વર્ગમાં વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમ ગુજરાતનો ઈતિહાસ, ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ, સામાન્ય વિજ્ઞાન, ક્વોન્ટીટેટીવ એપ્ટીટયૂડ, કોમ્પ્યુટર, જાહેર વહીવટ અને ભારતનું બંધારણ, કરન્ટ અફેર્સના સિલેકટેડ વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા.૨૪–૧૨–૨૦૧૮ સુધીમાં ગ્રાઉન્ડ ફલોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ઓજસનું ઓનલાઈન ફોર્મ, એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંથ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ

તંત્રીશ્રી ,

ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

આભાર સહ,

Sd/- [signature]

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)